# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૨૫, જુલાઈ - ઓગસ્ટ ૨૦૧૪



યુજીવીસીએલ દ્વારા ૬૮મા સ્વતંત્રદિનની ઉત્સાહભેર ઉજવણી



હવે રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ક્ષેત્રમાં પણ યુજીવીસીએલે કાઠું કાઢ્યું



મહેસાણા અને જોટાણા ખાતે લોક દરબાર કાર્યક્રમનું આયોજન



ગઢ સબ ડિવિઝન નવનિર્મિત મકાનનું લોકાર્પણ



માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા

## ૬૮માં સ્વતંત્રદિનની પાટણ ખાતે કરવામાં આવેલ ઉજવણી દરમ્યાન સફળ વીજ વિતરણ વ્યવસ્થા

# આ અંકમાં

વર્ષ-૪ અંક-૨૫, જુલાઇ - ઓગસ્ટ ૨૦૧૪
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી એન. શ્રીવાસ્તવ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રીમતી છાયાબેન દેસાઈ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એસ. આર. પટેલ, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી બી. પી. બુચ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એ. કે. મંગલ, અધિક્ષક ઇજનેર, પાલનપુર
શ્રી એચ.એમ. રામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી જે.એમ. પટેલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com

સંકલન : ૨૦/૮/૨૦૧૪

## આ અંકમાં

**ઉજવણી**
» યુજીવીસીએલ દ્વારા ૬૮મા સ્વતંત્રદિનની ઉત્સાહભેર ઉજવણી....................................૦૪
» માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા ૬૮મા સ્વતંત્રદિનની પાટણ ખાતે કરવામાં આવેલ ઉજવણી દરમ્યાન સફળ વીજ વિતરણ વ્યવસ્થા.............................૦૭




**બ્રીજ ટૂર્નામેન્ટ**
» નવમી ઇન્ટર સર્કલ બ્રીજ ટૂર્નામેન્ટ.........................૦૮

**સંક્ષિપ્ત સમાચાર**
» ચિંતન શિબિર...............................................૦૯
» વૃક્ષારોપણ...................................................૦૯
» મહેસાણા અને જોટાણા ખાતે લોક દરબાર કાર્યક્રમનું આયોજન................................૦૯
» ગઢ સબ ડિવિઝન નવનિર્મિત મકાનનું લોકાર્પણ...........૧૦
» ઉત્કૃષ્ટ રમતવીર શ્રી ઇકબાલ સૈયદને શ્રદ્ધાંજલી...........૧૦
» હવે રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ક્ષેત્રમાં પણ યુજીવીસીએલે કાઠું કાઢ્યું.................................૧૧
» મુખ્ય ઇજનેર (લાયઝન) તરીકે કાર્યભાર સંભાળતા શ્રી સી.વી. ઠાકર...............................૧૧
» એચ.આર. વિભાગ દ્વારા વહીવટી કામગીરીના મૂલ્યાંકન માટે મિટિંગનું આયોજન........................................૧૨

**ગૌરવ**
» યુજીવીસીએલ પરિવારનું ગૌરવ.............................૧૩

**ચેસ ટૂર્નામેન્ટ**
» ઇન્ટર સર્કલ ચેસ ટૂર્નામેન્ટ સતત ચોથા વર્ષે શ્રી શૈલેશ નાયક ચેમ્પિયન અને સતત બીજા વર્ષે શ્રીમતી આશાબેન ખાલપાડા મહિલા વિભાગમાં ચેમ્પિયન...............................૧૪



**આપણી કંપનીની અનોખી શોધ એવા પેટન્ટેડ ટ્રાન્સફોર્મર માટે હરિયાણામાં ઓર્ડર મળતાં આપણી કંપનીને રોયલ્ટી તરીકે રૂા. ૨.૪૦ કરોડની આવક થશે.**

**પ્રિય કર્મચારી મિત્રો,**


૬૮મા સ્વાતંત્ર્ય દિનની ઉત્સાહભરી ઉજવણી બદલ આપ સૌને હું અભિનંદન પાઠવું છું. આ વખતે આપણે માટે આ દિવસ વિશેષ મહત્ત્વનો બની રહ્યો કેમ કે ગુજરાત રાજ્યનાં માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પાટણમાં ધ્વજવંદનનું આયોજન કર્યું. આ ઉજવણી દરમિયાન વિવિધ કાર્યક્રમોમાં વિના વિક્ષેપે વીજ વિતરણ વ્યવસ્થા પૂરી પાડવાની પરંપરાને જાળવી રાખવા બદલ સંલગ્ન તમામ અધિકારીઓ અને નાનામાં નાના કર્મચારીઓને અભિનંદન પાઠવું છું.

આપણી કંપનીની એક વિશેષ સિદ્ધિ તરફ હું આપનું ખાસ ધ્યાન દોરવા માગું છું. સંશોધન અને વિકાસના ક્ષેત્રમાં કંપનીના અધિકારીઓની જહેમતથી 'પાયલોટ એડવાન્સ ટ્રાન્સફોર્મર'નો આવિષ્કાર શક્ય બન્યો છે, જેની પેટન્ટ રજીસ્ટર્ડ કરવામાં આવી છે. તાજેતરમાં હરિયાણા ખાતે આ પ્રકારનાં ૧૫૦૦ ટ્રાન્ફોર્મરનો ઓર્ડર મળતાં તેની રોયલ્ટી પેટે આપણી કંપનીને રૂ. ૨.૪૦ કરોડની આવક મળશે. આપણા માટે આ ગૌરવપૂર્ણ બાબત છે.

૧૫મી ઓગસ્ટના સ્વાતંત્ર્ય દિને પરંપરા મુજબ કંપનીના ઉત્કૃષ્ટ રમતવીરો તથા શિક્ષણક્ષેત્રે આગવી પ્રતિભા ધરાવનાર કર્મચારીઓના બાળકોનું આપણે સન્માન કર્યું, તે સૌને અને અન્ય સૌ રમતવીરો, વિદ્યાર્થી ઓને હું ભવિષ્યની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી અભિનંદન આપું છું.

ચોમાસા દરમ્યાન વીજ વિતરણની જળવાઈ રહેલ વ્યવસ્થા અંગે તમામ ફિલ્ડના અધિકારીઓ તથા કર્મચારીઓને ધન્યવાદ આપું છું.

આપ સૌની કુશળતા ઈચ્છું છું.



**એન. શ્રીવાસ્તવ,** આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**તા. ૨૦-૮-૨૦૧૪**

# યુજીવીસીએલ દ્વારા ૬૮મા સ્વતંત્રદિનની ઉત્સાહભેર ઉજવણી

તા. ૧૫મી ઓગષ્ટ ૧૯૪૭ના રોજ આપણને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ મળી અને આપણો દેશ આઝાદ થયો. આઝાદીની યાદને જીવંત રાખવા માટે દર વર્ષે ૧૫મી ઓગષ્ટના રોજ સ્વતંત્રતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ કોર્પોરેટ ઓફિસના પટાગણમાં કંપનીના મેનેજીંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા ધ્વજવંદન કરવામાં આવેલ.

ધ્વજવંદન બાદ ઉપસ્થિત અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ તથા બહેનોએ રાષ્ટ્રગીતનું સમૂહગાન કરેલ.



સ્વતંત્રદિનની ઉજવણી હોય ત્યારે સ્વાભાવિક રીતે દેશભક્તિનો માહોલ ઊભો થાય તે સ્વાભાવિક છે. જેના ઉપલક્ષ્યમાં કંપનીના મેનેજીંગ ડિરેક્ટરના કાર્યપાલક સહાયક શ્રી સુરજીત ભટ્ટાચાર્ય દ્વારા દેશભક્તિનું ગીત રજૂ કરવામાં આવેલ. જેના શબ્દો 'હૈ પ્રીત જહાઁ કી રીત સદા... મૈ ગીત વહાઁ કે ગાતા હૂ...' હતા. કંપનીના કર્મચારી અને લોકગાયક શ્રી જસુભાઈ બારોટ દ્વારા પણ વિખ્યાત દેશભક્તિનું એ મેરે પ્યારે વતન.. 'એ મેરે બિછડે ચમન...' રજૂ કરેલ. ઉપરાંત કંપનીના કર્મચારી શ્રી સુનિલભાઈ વાઘેલાની સુપુત્રી કુ. મૈત્રી દ્વારા એ મેરે વતન કે લોગો... જરા આંખ મેં ભરલો પાની... ગીતની સુંદર રજૂઆત કરવામાં આવેલ. જેનાથી ઉપસ્થિત શ્રોતાઓ મંત્રમુગ્ધ બનેલ.

આ પ્રસંગે શૈક્ષણિકક્ષેત્રે સફળતા મેળવવા બદલ કંપનીના કર્મચારીઓના બાળકોને રોકડ પુરસ્કાર તથા સન્માનપત્ર આપીને સન્માનીત કરવામાં આવેલ તેમજ રમત-ગમતક્ષેત્રે ખાસ પ્રસિદ્ધિ મેળવીને કંપનીને ગૌરવ અપાવવા બદલ કંપનીના કર્મચારીઓને સન્માનપત્ર આપીને સન્માનિત કરવામાં આવેલ ત્યારબાદ ઉચ્ચ અધિકારીગણ તેમજ નિવૃત્ત અધિકારી/કર્મચારી સાથે સન્માનિત મહાનુભાવોને ગુજરાત એનર્જી નોલેજ સેન્ટર ખાતે અલ્પઆહાર અને વિચાર ગોષ્ટિનું આયોજન કરવામાં આવેલ. કંપનીના આઈઆર વિભાગ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન હાથ ધરવામાં આવેલ તેમજ શ્રી એસ.બી. લિંબાચીયા, નાયબ ઈજનેર સ્ટોર વિભાગ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન હાથ ધરવામાં આવેલ.

### માનનીય મેનેજીંગ ડિરેક્ટરશ્રીનું ઉદ્‌બોધન

**અક્ષરશઃ** ઉપસ્થિત ભાઈઓ-બહેનો અને બાળકોને સ્વતંત્ર દિવસની શુભકામનાઓ.

આજે આપણે ૬૮મો સ્વતંત્ર દિવસ ઉજવી રહ્યા છીએ. જે આપણને આપણા ઇતિહાસ સાથે જોડે છે. જો આપણે ઇતિહાસમાં જોઈએ તો આપણા ભારત દેશે કંઈક ઉતાર-ચઢાવ જોયા છે. ક્યારેક આ











| મેરિટ એવોર્ડ મેળવનાર બાળકોની યાદી | | | | | |
|---|---|---|---|---|---|
| નામ અને કર્મચારી સાથેનો સંબંધ | કર્મચારીનું નામ અને હોદ્દો | કામગીરીનું સ્થળ | ટકાવારી | ધોરણ | મેરિટ એવોર્ડની વિગત |
| પાર્થ, સુપુત્ર | શ્રી એમ.બી. પટેલ, ડેપ્યુટી એન્જિનિયર | વડનગર, સબડિવિઝન | ૯૫.૧૭ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| દિવ, સુપુત્ર | શ્રી એ.આર. પટેલ, સિનિયર આસિસ્ટન્ટ | લોદરા, સબડિવિઝન | ૯૨.૩૩ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| દિવ્ય, સુપુત્ર | શ્રી એ.આર. પટેલ, સિનિયર આસિસ્ટન્ટ | લોદરા, સબડિવિઝન | ૯૨.૧૭ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| કંદર્પ, સુપુત્ર | શ્રી ડી.સી. મહેતા, જુનિયર આસિસ્ટન્ટ | ગાંધીનગર, ડિવિઝન ઓફિસ | ૯૧.૬૭ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| પાર્થ, સુપુત્ર | શ્રી બી.એચ. બ્રહ્મભટ્ટ, જુનિયર આસિસ્ટન્ટ | મહેસાણા સીટી, સબડિવિઝન | ૮૯.૮૩ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| ક્રિમલ, સુપુત્ર | શ્રી એસ.વી. પટેલ, લાઇનમેન | લાખણી, સબડિવિઝન | ૮૯.૦૦ | ૧૨ (એચએસસી) | રૂા. ૨૫૦/- |
| મિલિ, સુપુત્રી | શ્રી એમ.જી. પટેલ, ડેપ્યુટી એન્જિનિયર | પાટણ સીટી-૧, સબડિવિઝન | ૮૬.૬૦ | ૧૨ (એચએસસી) | રૂા. ૨૫૦/- |
| હિરવ, સુપુત્ર | શ્રી એ.ડી. મોઢ, સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર ડી.ઓ.-૨ | - | ICWA | રૂા. ૧૦૦૦/- |

| રમતગમતક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ બદલ સન્માનિત કર્મચારીઓની યાદી | | |
|---|---|---|
| કર્મચારીનું નામ અને હોદ્દો | કામગીરીનું સ્થળ | સન્માનની વિગતો |
| શ્રીમતી એ.એન. ખાલપાડા ડેપ્યુટી એન્જિનિયર | બોપલ ડિવિઝન ઓફિસ | AIESCB ચેસ ટુર્નામેન્ટ માટે પસંદગી તથા ઇન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં વ્યક્તિગત વિભાગમાં રનર્સઅપ ટીમ ઇવેન્ટમાં રનર્સઅપ |
| શ્રી યુ.એ. દાતણીયા જુનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર ડિવિઝન ઓફિસ | AIESCB ચેસ ટુર્નામેન્ટ માટે પસંદગી તથા ઇન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં ટીમ ઇવેન્ટમાં રનર્સઅપ |
| શ્રીમતી ડી.યુ. શાહ, સિનિયર આસિસ્ટન્ટ | ગાંધીનગર ડિવિઝન ઓફિસ | ઇન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં ટીમ ઇવેન્ટમાં રનર્સઅપ |
| કુ. ટી.બી. મોદી, જુનિયર આસિસ્ટન્ટ | સિદ્ધપુર (ટાઉન) સબડિવિઝન | ઇન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં ટીમ ઇવેન્ટમાં રનર્સઅપ |
| શ્રી શૈલેશ એ. નાયક આસિસ્ટન્ટ મેનેજર (પીઆર) | આરએન્ડસી ઓફિસ મહેસાણા | AIESCB ચેસ ટુર્નામેન્ટ માટે પસંદગી |
| શ્રી કે.એસ. સિંધિ, ડેપ્યુટી એન્જિનિયર | આરએન્ડસી ઓફિસ મહેસાણા | AIESCB બ્રિજ ટુર્નામેન્ટ માટે પસંદગી |
| શ્રી એ.પી. પટેલ, સહાયક સચિવ | આરએન્ડસી ઓફિસ મહેસાણા | AIESCB બ્રિજ ટુર્નામેન્ટ માટે પસંદગી |
| શ્રી એ.કે. પટેલ, ટ્રેસર | મહેસાણા સર્કલ ઓફિસ | AIESCB બ્રિજ ટુર્નામેન્ટ માટે પસંદગી |
| શ્રીમતી સી.એચ. મોદી, સીની.આસી. | પાલનપુર ડિવિઝન-૧ | AIESCB ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ માટે પસંદગી |

દેશ 'સોને કી ચીડિયા' તરીકે ઓળખવામાં આવતો હતો, તો ક્યારેક બીજા કોઈના શાસનમાં હતો. એ આપણને યાદ અપાવે છે કે કોઈએ આપણી નબળાઇઓનો ફાયદો લઈ આપણો ધર્મ, જાત વગેરેનો લાભ ઉઠાવીને આપણને અંદરો અંદર લડાવ્યા અને ધીરે ધીરે એ બધી જમીનો પર કબજો કરી લીધો.

એ પણ આપણને યાદ અપાવે છે કે





વર્ષો પહેલાં આપણે આપણા અધિકાર અને સ્વાભિમાન માટે જાત-ભાત, ગરીબો-અમીરો, નાનાં-મોટાં, સ્ત્રીઓ-પુરુષો જેવા ભેદભાવ છોડી, એક બીજા સાથે હાથ મેળવી, એક બીજાના ખભાથી ખભા મીલાવીને આગળ વધેલ અને એક વધુ આધુનિક, વધુ શસક્ત શાસન હટાવી આપણી શાસન વ્યવસ્થા પ્રસ્થાપિત કરી હતી.

સ્વતંત્ર દિવસ એ પણ યાદ અપાવે છે કે, આપણા સદગુણોનું, આપણા ભાઈઓ-બહેનોના બલિદાનોનું, આપણી નેતૃત્વક્ષમતાઓનું આપણા વિકાસમાં કેટલું મહત્વ છે. વિકાસના વર્ષો પહેલાં આપણે આઝાદી મેળવી ત્યારે દેશની હાલત ખરાબ હતી. સ્વાસ્થ્ય, શિક્ષણ અને આધુનિકરણ શૂન્ય હતું. ઔદ્યોગિકરણ ના બરાબર હતું. રોટી-કપડાં એ જ આપણી પ્રાથમિકતા હતી. એ સ્થિતિથી લઈને આપણે આજ સુધીની સફર પૂર્ણ કરી છે. આજે આપણે અનેક ક્ષેત્રો જેવા કે સ્વાસ્થ્ય, ઔદ્યોગિકરણ, આઈ.ટી, ઊર્જા, વાહન-વ્યવહાર, શિક્ષણ, વન અને પર્યાવરણ, ન્યાયિક પ્રક્રિયા વગેરેમાં ખૂબ ઊંચાઈઓ પ્રાપ્ત કરી છે. આજે આપણે લોકતંત્રની પ્રણાલી ઉપર અભિમાન છે. આજે આપણને આપણા વિજ્ઞાનીકો, ડોક્ટરો, એન્જિનિયરો, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને દરેક નાગરિક પર અભિમાન છે. આજે આપણામાં વિશ્વાસ ભરપૂર છે અને એ વિશ્વાસને લીધે આપણે કોઈ પણ કામ પૂર્ણ કરવામાં સક્ષમ છીએ.

ભારતના વિકાસમાં ગુજરાતનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે. ગુજરાત દ્વારા રજૂ કરવામાં આવેલ અગણિત વિચારોને સમગ્ર દેશ દ્વારા સ્વિકારવામાં આવ્યા છે. ગુજરાતની પંચાયતની વ્યવસ્થા, ડેરી વ્યવસ્થા, અદ્યતન ખેતીની પ્રણાલિકા દેશના વિકાસમાં મુખ્ય ભૂમિકા નિભાવી છે. કેટલાંક વર્ષોથી ગુજરાતમાં સ્થાપિત ઉદ્યોગોએ દેશના અન્ય રાજ્યોને પણ દિશાનિર્દેશ બતાવ્યો છે. વીજ ક્ષેત્રમાં ગુજરાતે બહુ જ પ્રગતિ કરી છે અને આ પ્રગતિમાં યુજીવીસીએલ, જેટકો અને રાજ્યની અન્ય વીજ સંલગ્ન સંસ્થાઓના સમસ્ત અધિકારી, કર્મચારીઓનો ફાળો રહ્યો છે.

આજે વીજ કર્મચારીઓને લીધે જ સંભવ બન્યું છે કે રાજ્યના ૧૮,૧૯૨ ગામમાં સતત ૨૪ કલાક વીજ પુરવઠો અપાય છે. સતત ૨૪ કલાક વીજ પુરવઠો પૂરો પાડવાનો લક્ષ્ય પ્રાપ્ત કરી લીધો છે ત્યારે હવે વીજ ગુણવત્તામાં સુધારો કરવાની જરૂરિયાત છે. હવે આપણે વીજ વિતરણ વ્યવસ્થામાં આધુનિકરણ કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. આધુનિકરણને સ્વિકારતા આપણે 'સ્માર્ટ ગ્રીડ પ્રોજેક્ટ' શરૂ કર્યો છે. જે સમગ્ર ભારતમાં પ્રથમ પ્રોજેક્ટ છે. આપણે મિટરરિંડિંગની વ્યવસ્થામાં પણ જરૂરી ફેરફાર લાવવાનું કામ કર્યું છે. આપણે યુજીવીસીએલની દૂર દૂર આવેલી પેટા વિભાગીય કચેરીઓને આધુનિક અને નવીન મકાનોનું કામકાજ કરાવ્યું છે.

આપણી તમામ ઓફિસો આજે ઈન્ફોર્મેશન ટેક્નોલોજીથી જોડાયેલ છે. વીજ વિતરણ વ્યવસ્થાને સુરક્ષિત બનાવવા માટે આપણે આધુનિક લેડર વ્હીકલ, ટ્રાન્ફોર્મર ફેન્સીગ, નવા ડિઝાઈનના વીજ સલામતીના સાધનો આપણા કર્મચારીઓને આપેલ છે. હું અનુરોધ કરું છું કે કર્મચારીઓ વીજ સલામતીના સાધનોનો યોગ્ય ઉપયોગ કરશે અને દુર્ઘટનાથી દૂર રહેશે.

યુજીવીસીએલના કર્મચારીઓ, અધિકારીઓના પરિશ્રમને લીધે અતિ વરસાદ વાવાઝોડાને લીધે થયેલ ક્ષતિઓનું પુનઃસ્થાપન સમયસર થઈ જાય છે. હું આપની કર્તવ્યનિષ્ઠાને આજે સન્માનિત કરું છું.

હું આશા રાખું છું કે આપણે બધા મળીને ભવિષ્યમાં યુજીવીસીએલ અને જેટકોને નવી ઊંચાઈઓ ઉપર લઈ જઈશું. ભારત અને સાથે સાથે ગુજરાતનું નામ પણ ઉજ્જવલ કરીશું.

ફરી એક વાર આપ સૌને સ્વતંત્ર દિનની શુભકામના પાઠવું છું.

હવે આપણે બધા એક સાથે મળીને ત્રણ વાર જય હિંદ બોલીએ.

જય હિંદ, જય હિંદ, જય હિંદ. ■

## માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા

# ૬૮મા સ્વતંત્રાદિનની પાટણ ખાતે કરવામાં આવેલ ઉજવણી દરમ્યાન સફળ વીજ વિતરણ વ્યવસ્થા

ભૂતપૂર્વ મુખ્યમંત્રી તથા વર્તમાન વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રસ્થાપિત કરેલ પ્રણાલિકાને અનુસરીને ગુજરાત રાજ્યના વર્તમાન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા ૬૮મા સ્વાતંત્રદિનની ઉજવણી પાટણ ખાતે કરવાનો નિર્ણય લીધેલ. જેને અનુલક્ષીને ઉત્તર ગુજરાત વીજ કંપની તરફથી સફળ વીજ વિતરણ વ્યવસ્થા દ્વારા સમગ્ર કાર્યક્રમની સફળતામાં મહત્ત્વની કામગીરી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના માર્ગદર્શન હેઠળ અને મહેસાણા સર્કલના અધિક્ષક ઇજનેર શ્રી એચ.એમ. રામીના નેતૃત્વ હેઠળ કાર્યપાલક ઇજનેર શ્રી વી.એમ. શ્રોફ દ્વારા તેમની ટીમના કર્તવ્યનિષ્ઠ પ્રયત્નો દ્વારા હાથ ધરવામાં આવેલ.

કલેક્ટર શ્રી પાટણ દ્વારા કરવામાં આવેલ ઉજવણીની મિટિંગમાં નક્કી કરવામાં આવેલ સ્થળોએ સતત વીજ પુરવઠો મળી રહે તે માટે પાટણ શહેર-૧ અને પાટણ શહેર-૨ કચેરીઓ દ્વારા ૧૧ કેવી ઉમા ફીડર, ૧૧ કેવી પોલિટેકનિક ફીડર, ૧૧ પદ્મનાથ ફીડરને મુખ્ય ફીડરો તરીકે નક્કી કરવામાં આવેલ. સંજોગોને આધિન જો વરસાદ પડે તો અન્ય પાંચ ફીડરો સ્ટેન્ડબાય તરીકે રાખવામાં આવેલ. જેથી 'ડ્યુઅલ પાવર સપ્લાય એરેંજમેન્ટ' કરી શકાય. ફીડરો ઉપર નવીન કોમ્પોઝીટ પીન તથા ડીસ્ક બદલીને સુદ્રઢ વ્યવસ્થા કરવામાં આવેલ.

નાયબ ઇજનેરશ્રી, આરએન્ડબી ઇલેક્ટ્રિકલ દ્વારા પાટણ શહેરમાં કુલ ૧૫ હંગામી વીજ જોડાણ ૧૨૬૦ કીલો વોટ











અલગ અલગ પ્રોગ્રામ સ્થળ માટે માંગવામાં આવેલ જેના અનુસંધાનમાં પાટણ શહેર કચેરીઓ દ્વારા કુલ ૧૩ નવીન ૨૦૦ કેવીએના ટ્રાન્સફોર્મર ઊભા કરવામાં આવેલ.

તા. ૧-૮-૨૦૧૪થી૧૨-૮-૨૦૧૪ એમ કુલ ૧૨ દિવસને પ્રાધાન્ય આપીને અલગ અલગ થીમને લક્ષમાં રાખીને વિવિધ દિન તરીકે ઉજવણી કરવાનું નક્કી કર્યુ હતું. તા. ૩-૮-૨૦૧૪ના રોજ ઊર્જાદિન તરીકે ઉજવવાનું નક્કી કરેલ. યુજીવીસીએલ દ્વારા તા. ૩૧-૭-૨૦૧૪ના રોજ પાટણ શહેરમાં આવેલ આદર્શ વિદ્યાલયમાં ઊર્જા બચાવો - દેશ સમૃદ્ધ બનાવો એ વિષય ઉપર વકતૃત્વ/નિબંધ સ્પર્ધાનું આયોજન વિવિધ કેટેગરીમાં કરેલ. ઊર્જાદિનના અમલીકરણના ભાગરૂપે યુજીવીસીએલ તથા જેટકોના કર્મચારીઓની વિશાળ રેલીનું આયોજન કરેલ.

તા. ૧૫મી ઓગષ્ટના સ્વતંત્ર દિનની ઉજવણી કોલેજના પરેડ ગ્રાઉન્ડમાં સવારમાં નવ વાગ્યે માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ દ્વારા કરવામાં આવી. કલેક્ટરશ્રી દ્વારા આપવામાં આવેલ સૂચનાને અનુલક્ષીને ઉજવણી દરમિયાન તમામ કાર્યક્રમોમાં સફળતાપૂર્વક વિના વિક્ષેપે વીજ વિતરણ વ્યવસ્થા જાળવીને ઉત્તર ગુજરાત વીજ કંપની લી. દ્વારા આ પ્રકારના કાર્યક્રમોમાં પોતાની સફળતા અંગેની ઉજવળ પરંપરાને જાળવી રાખી છે. ■

# નવમી ઈન્ટર સર્કલ બ્રીજ ટૂર્નામેન્ટ

## કોર્પોરેટ ઓફિસ ચેમ્પિયન, મહેસાણા સર્કલ ઓફિસ રનર્સ-અપ

તા. ૧૮મી મે ૨૦૧૪ ના રોજ ઉંઝા ખાતેના બાલાજી રિસોર્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીની નવમી ઈન્ટર સર્કલ બ્રીજ ટૂર્નામેન્ટનું આયોજન પાલનપુર સર્કલ ઓફિસના યજમાન પદે કરવામાં આવેલ. કંપનીના તાબા હેઠળની પાલનપુર, મહેસાણા, હિંમતનગર તથા કોર્પોરેટ ઓફિસની ટીમોએ ભાગ લીધેલ. ઉદ્‌ઘાટન સમારંભમાં પાલનપુર સર્કલના અધિક્ષક ઈજનેર હાજર રહી ન શક્તા તેઓએ ટૂર્નામેન્ટની સફળતા માટે ખેલાડીઓ તથા આયોજકોને શુભેચ્છા પાઠવતો સંદેશો મોકલેલ. નિવૃત્ત વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) તથા ટૂર્નામેન્ટના રેફી શ્રી કે.એ. પટેલના વડપણ હેઠળ ઉપસ્થિત ખેલાડીઓ દ્વારા દીપપ્રાગટ્ય કરીને ટૂર્નામેન્ટને ખુલ્લી મુકેલ.





### ચેમ્પિય બનેલ રજીસ્ટર કચેરી મહેસાણા

| કર્મચારીનું નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
|---|---|---|
| શ્રી એ.પી. પટેલ | સહાયક સચિવ | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા (મા.સં.) |
| શ્રી કે.એસ. સીંધી | નાયબ ઈજનેર | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા (કોમર્સ) |
| શ્રી કે.આઈ. પટેલ | જુનિયર ઈજનેર | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા (ટેક) |
| શ્રી એન.પી. પટેલ | જુનિયર પ્રોગ્રામર | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા (આઈટી) |
| શ્રી એન.આર. પટેલ | જુનિયર પ્રોગ્રામર | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા (આઈટી) |

### રનર્સ-અપ બનેલ વર્તુળ કચેરી મહેસાણા

| કર્મચારીનું નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
|---|---|---|
| શ્રી એ.આર. વખારીયા | નાયબ ઈજનેર | વિ.કા., મહેસાણા |
| શ્રી આર.એસ. મોઢ | જુનિયર આસિસ્ટન્ટ | વિ.કા., મહેસાણા |
| શ્રી એ.કે. પટેલ | ટ્રેસર | વર્તુળ કચેરી, મહેસાણા |
| શ્રી વી.આર. મોદી | જુનિયર આસિસ્ટન્ટ | વ.ક., મહેસાણા |
| શ્રી એન.એમ. પટેલ | પટાવાળા | વ.ક., મહેસાણા |

### ઈન્ટર કંપની બ્રીજ ટૂર્નામેન્ટ માટે પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમ

| કર્મચારીનું નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
|---|---|---|
| શ્રી એ.પી. પટેલ | સહાયક સચિવ | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા (મા.સં.) |
| શ્રી કે.એસ. સીંધી | નાયબ ઈજનેર | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા (કોમર્સ) |
| શ્રી આર.એસ. મોઢ | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કાર્યાલય, મહેસાણા (ટેક) |
| શ્રી એ.કે. પટેલ | ટ્રેસર | વર્તુળ કચેરી, મહેસાણા |
| શ્રી કે.આઈ. પટેલ | જુનિયર ઈજનેર | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા (ટેક) |
| શ્રી એન.આર. પટેલ | જુનિયર પ્રોગ્રામર | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા (આઈટી) |
| **સ્ટેન્ડ બાય પ્લેયર** | | |
| શ્રી એસ.પી. સાક્ય | નાયબ ઈજનેર | હિંમતનગર સર્કલ |
| શ્રી નિકુંજ પટેલ | જુનિયર પ્રોગ્રામર | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા |

**ઈન્ટર કંપની બ્રીજ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલના ખેલાડીયો ઝળક્યા. તા. ૧૨થી ૧૪ જુલાઈ દરમિયાન એમજીવીસીએલના યજમાન પદે યોજાયેલ ઈન્ટર કંપની બ્રીજ ટુર્નામેન્ટમાં જોરદાર પ્રદર્શન કરી યુજીવીસીએલના શ્રી કે.એસ. સીંધી, નાયબ ઈજનેર ઓલઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોટ્‌ર્સ કંટ્રોલ બોર્ડ માટેની બ્રીજ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ છે. જ્યારે શ્રી એ.પી. પટેલ, સહાયક સચિવ અને શ્રી એ.કે. પટેલ, ટ્રેસર સ્ટેન્ડ બાય ખેલાડી તરીકે પસંદગી પામેલ છે અને યુજીવીસીએલનું ગૌરવ વધારેલ છે.**

રસાકસીભરી રમતને અંતે મહેસાણા સર્કલ તથા કોર્પોરેટ ઓફિસની ટીમ ફાઈનલમાં પહોંચેલ. રમાયેલ ફાઈનલ મેચમાં મજબૂત ટીમ એવી કોર્પોરેટ ઓફિસની ટીમનો વિજય થતા મહેસાણા કોર્પોરેટ ટીમ ચેમ્પિયન બનેલ છે. જ્યારે મહેસાણા સર્કલની ટીમ રનર્સ-અપ થયેલ છે.

સ્પોટ્‌ર્સ કેલેન્ડરની શરૂઆતની બંને રમતો ચેસ અને બ્રીજમાં ચેમ્પિયન ટ્રોફી કોર્પોરેટને ફાળે ગયેલ છે. ટૂર્નામેન્ટને અંતે દક્ષિણ



ગુજરાત વીજ કં. લી. સુરતના યજમાન પદે નવસારી ખાતે તા. ૧૨થી ૧૪ જુલાઈ ૨૦૧૪ દરમ્યાન યોજાનાર નવમી ઈન્ટર કંપની બ્રીજ ટૂર્નામેન્ટ માટે ખેલાડીઓની પસંદગીની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. ત્યારબાદ ઇનામ વિતરણની કામગીરી હાથ ધરવામાં આવેલ.

ઇનામ વિતરણ સમારંભમાં શ્રી કે.એમ. પટેલ રેફી તથા ભૂતપૂર્વ વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ) તથા અજય વખારીયા તથા શ્રી સી.વી. જોશી નાયબ ઇજનેર ઉપસ્થિત રહેલ. ચેમ્પિયન તથા રનર્સ-અપ ટીમના વિજેતા ખેલાડીઓને ટ્રોફી, રેપ્લીકા તથા ટીશર્ટ અર્પણ કરવામાં આવેલ. જેને ઉપસ્થિત ખેલાડીઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.

પ્રાસંગિક પ્રવચનમાં શ્રી વખારીયાએ બ્રીજ ટૂર્નામેન્ટની ખૂબીઓ વિશે માહિતી આપી વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવેલ તેમજ ઇન્ટર કંપની બ્રીજ ટૂર્નામેન્ટમાં સફળતા માટે શુભેચ્છાઓ પાઠવેલ. શ્રી સી.વી. જોશી, નાયબ ઇજનેરે પાલનપુર સર્કલને ટૂર્નામેન્ટ ફાળવવા બદલ કોર્પોરેટ ઓફિસનો આભાર માનેલ. તેમજ શ્રી કે.એમ. પટેલ દ્વારા ટૂર્નામેન્ટ બાદ પસંદગી કરવામાં આવેલ ટીમની પસંદગીની પ્રક્રિયા વિશે પોતાનું મંતવ્ય રજૂ કરેલ.

ટૂર્નામેન્ટને સફળ બનાવવા માટે શ્રી સી.વી. જોશી, નાયબ ઇજનેર, શ્રી કે.જે. પટેલ નાયબ અધિક્ષક (હિસાબ), શ્રી નિશાંત પટેલ તથા સ્પોર્ટ્સ કમિટીએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. સમગ્ર ટૂર્નામેન્ટના કાર્યક્રમનું સંકલન સ્પોર્ટ્સ સેક્રેટરી શ્રી શૈલેશ નાયક દ્વારા કરવામાં આવેલ. ■

## ચિંતન શિબિર

ખરીદીના ઓર્ડર સામે આવેલ મટીરીયલની સક્ષમ ચકાસણી અંગેની કામગીરી અન્વયે એક ચિંતન શિબિરનું આયોજન તારીખ ૨૮-૬-૨૦૧૪ના રોજ મહેસાણા ખાતે આવેલ શંકુ વોટર પાર્કમાં રાખવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર



શ્રી એન. શ્રીવાસ્તવ, જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર.બી. કોઠારી તથા ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેલ. ■

## વૃક્ષારોપણ





તા. ૧-૮-૨૦૧૪ના રોજ કોર્પોરેટ ઓફિસના પટાગણમાં આવેલ બગીચામાં 'વૃક્ષ વાવો વરસાદ લાવો', 'વૃક્ષ વાવો સમૃદ્ધિ લાવો' તેવા સૂત્રને ચરિતાર્થ કરવાના ઉમદા હેતુથી વૃક્ષોરોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ, મુખ્ય ઇજનેર શ્રી એસ.આર. પટેલ, વિશેષ મહાપ્રબંધક શ્રી એ.સી. પ્રજાપતિ, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોષી તથા ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓની હાજરીમાં વૃક્ષારોપણ કરેલ. ■

## મહેસાણા અને જોટાણા ખાતે લોક દરબાર કાર્યક્રમનું આયોજન





તા. ૧૨-૮-૨૦૧૪ના રોજ મહેસાણા વર્તુળ કચેરીના તાબા હેઠળ આવેલ મહેસાણા અને જોટાણા પેટા વિભાગીય કચેરીના ગ્રાહકોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવા માટે લોક દરબારનું આયોજન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના વડપણ હેઠળ કરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર (પીએન્ડપી) શ્રી એસ.આર. પટેલ, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર શ્રી એમ.કે. રાઠોડ, વિશેષ મુખ્ય ઇજનેર શ્રી જે.એમ. મોચી, અધિક્ષક ઇજનેર, મહેસાણા શ્રી એચ.એમ. રામી તથા કાર્યપાલક ઇજનેર મહેસાણા શ્રી એચ.ટી. પરમાર તેમજ વિશાળ સંખ્યામાં અધિકારીઓ, કર્મચારીઓ, વીજ ગ્રાહકો અને પ્રજાજનો ઉપસ્થિત રહેલ. ■

# ગઢ સબ ડિવિઝન નવનિર્મિત મકાનનું લોકાર્પણ









તારીખ ૧૨-૮-૨૦૧૪ના રોજ પાલનપુર વર્તુળ કચેરીના તાબા હેઠળ આવેલ ગઢ પેટા વિભાગીય કચેરીના નવનિર્મિત મકાનનું લોકાર્પણ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના વરદ હસ્તે કરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર (પીએન્ડપી) શ્રી એસ.આર. પટેલ, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર, શ્રી એમ.કે. રાઠોડ, વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ), શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી જે.એમ. મોચી, અધિક્ષક ઇજનેર (સિવિલ), શ્રી કે. સી. ટેલર તથા અધિક્ષક ઇજનેર, પાલનપુર શ્રી એ.કે. મંગલ તથા વિશાળ સંખ્યામાં અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે વૃક્ષારોપણના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ. ■

# ઉત્કૃષ્ટ રમતવીર શ્રી ઇકબાલ સૈયદને શ્રદ્ધાંજલી



તારીખ ૮ જૂન ૨૦૧૪ના રોજ યુજીવીસીએલના ભૂતપૂર્વ કાર્યપાલક ઇજનેર તેમજ રમતગમત ક્ષેત્રે આગવી પ્રતિભા ધરાવનાર શ્રી ઇકબાલ સૈયદનું દુઃખદ આવસાન થયેલ છે. શ્રી ઇકબાલ સૈયદ નિવૃત્ત કાર્યપાલક ઇજનેર જે લગાતાર ૩૩ વર્ષ સુધી વિવિધ રમતોમાં જીવન પર્યંત ભાગ લઇ સૌથી વધુ ટુર્નામેન્ટ્સ રમવાનું બહુમાન મેળવેલ. ઓલ ઇન્ડિયા વેટરન્સ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ પટના ખાતે રનર અપ થયેલ. ટેબલ ટેનિસ, બેડમિન્ટન, કેરમ અને ક્રિકેટ જેવી રમતોમાં ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસિટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડ માટેની ટુર્નામેન્ટમાં પ્રતિનિધિત્વ કરનારા એક માત્ર ખેલાડી હતા. નિવૃત્તિની ૫૮ વર્ષની ઉંમરે આખરી ક્રિકેટ મેચ હિંમતનગર કોલેજના ગ્રાઉન્ડ ખાતે રમેલા ત્યારે કંપનીના ક્રિકેટરો દ્વારા તેઓનું ભવ્ય સન્માન કરવામાં આવેલ અને નિવૃત્તિ અંગેની શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

બનાસકાંઠાના વડામથક પાલનપુરની ધરતી પર જન્મેલા ઇકબાલભાઈ સૈયદ સશક્ત શરીર અને સારી એવી ઊંચાઈ ધરાવતા હતા અને ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં કાર્યપાલક ઇજનેર તરીકેના હોદ્દા ઉપરથી નિવૃત્ત થયા બાદ તેઓ સ્પોર્ટ્સને વળગેલા રહ્યા હતા.

ઇકબાલભાઈ ૭૧ વર્ષની પ્રૌઢ વયે પણ ક્રિકેટ, ટેબલ ટેનિસ, કેરમ સહિતની અનેક રમતોમાં રુચિ ધરાવતા હતા. ઇકબાલ ચાચાના હુલામણા નામથી સિનિયર ક્રિકેટરો ઓળખતા હતા. સૈયદ સાહેબ બંને પુત્રો સાથે ક્રિકેટ મેચ રમતા હતા. યુજીવીસીએલ પરિવાર સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે. ■

# હવે રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ક્ષેત્રમાં પણ યુજીવીસીએલે કાઠું કાઢ્યું

કંપની દ્વારા કરવામાં આવી રહેલ સંશોધનાત્મક પ્રવૃત્તિના ભાગરૂપે 'સ્પેશિયલ ડિઝાઇન્ડ ટ્રાન્સફોર્મરના આવિષ્કાર બાદ વધુ જરૂરિયાતોને અનુલક્ષીને કરવામાં આવેલ સંશોધનો બાદ 'પાયલોટ એડવાન્સ ટ્રાન્સફોર્મર' (PAT)ના આવિષ્કાર થયો સમગ્ર ભારતમાં સતત ૨૪ કલાક સુદઢ વીજ વિતરણ વ્યવસ્થા સૂચારુરૂપે અમલમાં મુકી શકાય તે માટે મહત્ત્વનું પરિબળ બનવા જઈ રહેલ છે.





ओरियन्टल बैंक ऑफ कॉमर्स ORIENTAL BANK OF COMMERCE

Hotel Meghdoot Building, Station Road, AHMEDABAD - 380001 IFS CODE : ORBC0100120

2 0 0 6 2 0 1 4

PAY Uttar Gujarat Vij Company Ltd

RUPEES Thirty eight lacs thirty nine thousand five hundred twenty five only

₹ 38,39,525/-

A/c No. 01204011000533

For Vidhia Electrotrans Industries

Authorised Signatory

PAYABLE AT ALL CBS BRANCHES

સદર ટ્રાન્સફોર્મરની ડિઝાઇન અને કન્સેપ્ટનું પેટન્ટ રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે. PATની આવશ્યકતાને ધ્યાનમાં લઈને સમગ્ર ભારતમાં તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ઊર્જા ક્ષેત્રે સ્વીકારવામાં આવેલ આમૂલ પરિવર્તનોને ધ્યાનમાં રાખીને માંગ થવા લાગી છે, જેની હરિયાણા રાજ્યમાં ૧૫૦૦ ટ્રાન્સફોર્મરની માંગ કરવામાં આવેલી જે પેટે રૂ. ૨.૪૦ કરોડની કુલ રોયલ્ટી મળવા જઈ રહી છે જેના ભાગરૂપે હરિયાણા સરકાર તરફથી રૂ. ૬૩ લાખની રકમની ચુકવણી કરવામાં આવેલ છે. સદર પ્રોજેક્ટ ઉત્તર ગુજરાત વીજ કંપની કાું. લી. તથા વિદ્યા ઈલેક્ટ્રોટ્રાન્સ ઈન્ડસ્ટ્રીઝ, ગાંધીનગરની સહિયારી ભાગીદારીમાં હોવાથી આપણી કંપનીને ૬૦ ટકા અને વિદ્યા ઈલેક્ટ્રોટ્રાન્સ ઈન્ડસ્ટ્રીઝ ગાંધીનગરને ૪૦ ટકા રકમ પ્રાપ્ત થાય છે.

અત્યાર સુધીમાં કંપની દ્વારા મુખ્યત્વે વીજ વિતરણની જ કામગીરી હાથ ધરવામાં આવતી હતી, પરંતુ કંપનીના તજ્જ્ઞ એન્જિનિયરો દ્વારા વિદ્યા ઈલેક્ટ્રોટ્રાન્સ ઈન્ડસ્ટ્રીઝ ગાંધીનગરનો સહયોગ લઈને PATનો આવિષ્કાર કરવાની મહત્ત્વની સિદ્ધિ બાદ તેની પેટન્ટ રજીસ્ટર્ડ કરાવ્યા બાદ રોયલ્ટી સ્વરૂપે નોંધપાત્ર આવક પ્રાપ્ત કરવી તે બાબત કંપનીની ગૌરવપૂર્ણ કામગીરીમાં ઉમેરો કરે છે. કંપનીના એન્જિનિયરોએ સંશોધન ક્ષેત્રે પણ કાઠુ કાઢી કંપનીનું નામ રોશન થાય તેમજ આર્થિક ફાયદો થાય તે દિશામાં મહત્ત્વની કામગીરી હાથ ધરેલ છે.

હરિયાણા સરકાર પાસેથી આવેલ રોયલ્ટીની રકમ પૈકી વિદ્યા ઈલેક્ટ્રોટ્રાન્સ ઈન્ડસ્ટ્રીઝ, ગાંધીનગર તરફથી શ્રી હરેન્દ્ર શુક્લએ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવને રૂ. ૩૮ લાખનો ચેક અર્પણ કરેલ. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર શ્રી એસ.આર. પટેલ, જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર.બી. કોઠારી તથા PATના પ્રણેતા શ્રી આર.બી. પટેલ કાર્યપાલક ઈજનેરશ્રી ઉપસ્થિત રહેલ. ■

# મુખ્ય ઈજનેર (લાયઝન) તરીકે કાર્યભાર સંભાળતા શ્રી સી.વી. ઠાકર



ગુજરાત સરકારમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગમાં વિશેષ મુખ્ય ઈજનેર (લાયઝન) તરીકે ફરજ બજાવનાર શ્રી સી.વી. ઠાકરે મુખ્ય ઈજનેર (લાયઝન) તરીકે તા. ૧-૩-૨૦૧૪ના રોજ કાર્યભાર સંભાળેલ છે. એક સક્ષમ અને બાહોંશ અધિકારી તરીકે શ્રી ઠાકર ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબીનેટ કક્ષાના માનનીય મંત્રી શ્રી સૌરભભાઈ પટેલના કાર્યાલયમાં કામગીરી કરતા હતા. નિયમાનુસાર બઢતી મેળવી તા. ૧-૩-૨૦૧૪થી મુખ્ય ઈજનેર (લાયઝન) જેવા કંપનીના મહત્ત્વના પદને તેઓશ્રી શોભાવી રહ્યા છે.

શ્રી ઠાકરની કારકિર્દી પર નજર કરીએ તો તા. ૧૯-૧-૧૯૮૦ના રોજ જુનિયર ઈજનેર તરીકે કલોલ-૨ પેટા વિભાગીય કચેરીમાં નિમણુંક લઈને નોકરીની શરૂઆત કરેલ. તા. ૧-૩-૨૦૧૪ના રોજ કંપનીના મહત્ત્વના હોદ્દા એવા મુખ્ય ઈજનેર પદ પર બઢતી મેળવેલ છે. શ્રી ઠાકરની કારકિર્દી દરમ્યાન લાયઝન ઓફિસર તરીકે સરકારશ્રી અને કંપનીની કામગીરીના સંકલન અર્થે સેવાઓ બજાવેલ છે. મુખ્ય ઈજનેર તરીકે પદભાર સંભાળતા શ્રી ઠાકર માટે યુજીવીસીએલ પરિવાર આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે અને ભવિષ્યની કામગીરી માટે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવે છે. ■

# એચ.આર. વિભાગ દ્વારા વહીવટી કામગીરીના મૂલ્યાંકન માટે મિટિંગનું આયોજન

## યાંત્રિક વિભાગ તથા એકાઉન્ટ વિભાગ દ્વારા આ પ્રકારની યોજાતી મિટિંગ બાદ નવતર અભિગમ

તા. ૧૭-૭-૨૦૧૪ના રોજ ગુજરાત એનર્જી નોલેજ સેન્ટર ખાતે એચ.આર. વિભાગ માટે વહીવટી કામગીરીના મૂલ્યાંકન માટે એચઆર વિભાગ દ્વારા એક મિટિંગનું આયોજન કરેલ. આ મિટિંગમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ, મુખ્ય ઇજનેર (પીએન્ડપી), શ્રી એસ.આર. પટેલ, જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી આર.બી. કોઠારી, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર શ્રી એમ.કે. રાઠોડ, વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક, શ્રી એ.સી. પ્રજાપતિ, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોષી તથા વર્તુળ કચેરી અને વિભાગીય કચેરીના એચઆરના કર્મચારી ભાઈ-બહેનોએ તમામ સર્કલમાંથી હાજરી આપેલ.

વખતો વખત યાંત્રિક વિભાગ તથા એકાઉન્ટ વિભાગ કામગીરીના મૂલ્યાંકન માટે મિટિંગોનું આયોજન કરવામાં આવેલ છે. એચ.આર. વિભાગ દ્વારા પ્રથમવાર આ પ્રકારની મિટિંગનું આયોજન કંપનીના મેનેજિંગ ડિરેક્ટરના નેતૃત્વ હેઠળ તથા નવ નિયુક્ત વિશેષ મહાપ્રબંધક શ્રી એ.સી. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં નાયબ મહાપ્રબંધક (એચઆર), શ્રી એન.બી. બલાત દ્વારા ઉપસ્થિત ઉચ્ચ અધિકારીઓનું શબ્દોથી સ્વાગત કરી મિટિંગ કરવાનો ઉદ્દેશ જણાવવામાં આવેલ ત્યારબાદ ઉપસ્થિત વહીવટી અધિકારીઓ અને કર્મચારીઓનો પરિચય માંગવામાં આવેલ. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી પી.જે. ત્રિવેદીએ ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક તરીકેની કામગીરી દરમ્યાન વહીવટી વિભાગના કર્મચારીઓની કાર્યક્ષમતા અંગે હકારાત્મક અભિપ્રાય સાથે હજી વધુ સારી કામગીરી થઈ શકે તે માટે કર્મચારીઓને અનુરોધ કરેલ.

શ્રી એસ.આર. પટેલ દ્વારા એચ.આર. વિભાગ દ્વારા આ પ્રકારની કરવામાં આવેલ સૌ પ્રથમ મિટિંગ અંગે આનંદની લાગણી વ્યક્ત કરવામાં આવેલ. વહીવટી માળખુ વધુ મજબૂત બને તે માટે સતત પ્રયત્નશીલ રહેવા અપીલ કરેલ તથા નવા આવનાર કર્મચારીઓ માટે 'ઇન્ડક્શન પ્રોગ્રામ' નિયમિત ધોરણે આયોજન કરવા અનુરોધ કરેલો.

કાર્યક્રમના અંતિમ પડાવમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા એચઆર વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગે પોતાનું મંતવ્ય આપેલ અને આ પ્રકારની મિટિંગો દરેક વર્તુળ કચેરી સ્તરે સમાયંતરે કરીને સુદ્રઢ વહીવટ દ્વારા કર્મચારીઓના પ્રશ્નો ત્વરિત ઉકેલવા હાકલ કરેલ. કર્મચારીઓને એવી કામગીરી કરવા અનુરોધ કરેલ કે ભવિષ્યમાં યુનિયન દ્વારા રજૂ કરવામાં આવતા પ્રશ્નોમાં ઘટાડો થાય અને વહીવટની એક અલગ ઓળખ ઊભી થાય. સબડિવિઝનના પ્રશ્નો ડિવિઝનમાં, ડિવિઝનના પ્રશ્નો સર્કલ લેવલે તેમજ સર્કલના પ્રશ્નો કોર્પોરેટ ઓફિસ લેવલે ત્વરિત નિર્ણયશક્તિથી ઉકેલવા ઉપર ભાર મુકેલ.



ઉદ્‌ઘાટન સમારંભની અંતમાં શ્રી એસ.એલ. પટેલ પર્સોનલ ઓફિસર દ્વારા આભાર વિધિ કરેલ. સદર કાર્યક્રમ બાદ વિશેષ મહાપ્રબંધક (એચઆર) શ્રી એ.સી. પ્રજાપતિ દ્વારા વહીવટી કામગીરીને લગતા પ્રશ્નોને જાણવાનો પ્રયત્ન કરીને વહીવટી કામકાજ બધુ અસરકારક થાય તે માટે વિચારોનું આદાન-પ્રદાન કરેલ. ■

# યુજીવીસીએલ પરિવારનું ગૌરવ



**ચિ. ઉત્સવ**
બી.ઈ. મિકેનિકલ એન્જિનિયરિંગ
**એસપીઆઈ :** ૯.૦૩
**વાલી :** દિનેશકુમાર એન. પટેલ
**હોદ્દો :** ડેપ્યુટી એન્જિનીયર
સબડિવિઝન, કડી



**ચિ. કુનાલ**
બી. ટેક. ઇલેક્ટ્રીકલ (આઠમુ સેમેસ્ટર)
**એસપીઆઈ :** ૯
**વાલી :** શ્રી બિપિન પી. બુચ
**હોદ્દો :** સુપ્રિટેન્ડરીંગ એન્જિનિયર,
સર્કલ ઓફિસ, સાબરમતી



**કુ. સાલેહા**
એચ.એસ.સી. (ધોરણ-૧૨),
**પર્સન્ટાઇલ રેંક :** ૯૯.૩૫
**વાલી :** શ્રી મોહમ્મદ ફૈઝલ પોથિગરા
**હોદ્દો :** સિનિયર આસિસ્ટન્ટ, ડિવિઝન
ઓફિસ, વિસનગર



**ચિ. પાર્થ**
ન્યુ એસ.એસ.સી. (ધોરણ-૧૦)
**પર્સન્ટાઇલ રેંક :** ૯૯.૯૮
**વાલી :** શ્રી એમ.બી. પટેલ
**હોદ્દો :** ડેપ્યુટી એન્જિનિયર,
વડનગર સબડિવિઝન



**કુ. મિલિ**
એચ.એસ.સી. (ધોરણ-૧૨), બી. ગ્રુપ
**પર્સન્ટેઝ :** ૮૬.૬૬ ટકા (સીબીએસઇ)
**વાલી :** શ્રી મનુભાઈ જી. પટેલ
**હોદ્દો :** ડેપ્યુટી એન્જિનિયર,
પાટણ સીટી-૧,પે.વિ.ક.



**કુ. નૈસર્ગી**
બેચલર ઇન કમ્પ્યુટર એન્જિનિયરિંગ
**એસપીઆઈ :** ૬.૮૨
**વાલી :** શ્રીમતી જિજ્ઞાશાબેન આર્ય અને શ્રી આર.સી. દેસાઈ, **હોદ્દો :** કાર્યપાલક ઇજનેર, રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણા



**કુ. બિનલ**
આર્યુવેદાચાર્ય (બીએએમએસ)
**પર્સન્ટાઇલ રેંક :** ૬૧.૫૭ ટકા
**વાલી :** શ્રી સુરેશભાઈ ધમસાણિયા
**હોદ્દો :** ડેપ્યુટી એન્જિનિયર
વડાલી સબડિવિઝન



**ચિ. વત્સલ**
એચ.એચ.સી. (ધોરણ-૧૨), એ. ગ્રુપ
**પર્સન્ટાઇલ રેંક :** ૯૯.૩૧
**વાલી :** દિનેશકુમાર એન. પટેલ
**હોદ્દો :** ડેપ્યુટી એન્જિનીયર
સબડિવિઝન, કડી



**ચિ. વિવેક**
એચ.એચ.સી. (ધોરણ-૧૨), એ. ગ્રુપ
**પર્સન્ટાઇલ રેંક :** ૯૬.૮૭
**વાલી :** એન.એમ. જોષી
**હોદ્દો :** કંપની સેક્રેટરી, રજીસ્ટર્ડ એન્ડ
કોર્પોરેટ ઓફિસ, મહેસાણા



**કુ. આશ્વિ**
એચ.એચ.સી. (ધોરણ-૧૨), બી. ગ્રુપ
**પર્સન્ટાઇલ રેંક :** ૯૨.૨૩
**વાલી :** શ્રી બી.કે. પટેલ
**હોદ્દો :** નાયબ ઇજનેર,
બોપલ વિભાગીય કચેરી



**ચિ. પાર્થેશ**
ન્યુ એસ.એસ.સી. (ધોરણ-૧૦)
**પર્સન્ટાઇલ રેંક :** ૯૯.૧૫
**વાલી :** શ્રી વિકાસ આર. સોની
**હોદ્દો :** ડેપ્યુટી એન્જિનિયર,
ખેરાલું સબડિવિઝન

# ઈન્ટર સર્કલ ચેસ ટૂર્નામેન્ટ સતત ચોથા વર્ષે શ્રી શૈલેશ નાયક ચેમ્પિયન અને સતત બીજા વર્ષે શ્રીમતી આશાબેન ખાલપાડા મહિલા વિભાગમાં ચેમ્પિયન

તા. ૧૦ અને ૧૧ મે ૨૦૧૪ દરમ્યાન સાબરમતી સર્કલના યજમાન પદે હોટલ આશ્રય ઇનના બેન્કવીટ હોલ ખાતે યોજાયેલ નવમી ઇન્ટર સર્કલ ચેસ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. જેમાં કંપનીના તાબા હેઠળના પાલનપુર, મહેસાણા, સાબરમતી, હિંમતનગર તથા કોર્પોરેટ ઓફિસના મહિલા તથા પુરૂષ કર્મચારીઓએ ભાગ લીધેલ.

ઉદ્‌ઘાટન પ્રસંગે સાબરમતી સર્કલના અધિક્ષક ઇજનેરશ્રી દ્વારા ટુર્નામેન્ટની સફળતા માટે શુભેચ્છા પાઠવતો સંદેશો મોકલવામાં આવેલ. કંપનીના સ્પોર્ટ્સ સેક્રેટરી શ્રી એસ.એ. નાયક દ્વારા કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા આપવામાં આવેલ પ્રોત્સાહનને લીધે કંપની પ્રવર્તમાન રમતગમત અંગેની પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેલ છે તેવું જણાવેલ. તેમજ કંપનીની રમતગમત અંગેની પ્રવૃત્તિઓનો ચિતાર રજૂ કરેલ. શ્રી એ.પી. પટેલ, સહાયક સચિવ દ્વારા કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. ઉદ્‌ઘાટન સમારંભનું સંચાલન શ્રી લલિતકુમાર મહિડા, સહાયક સચિવ દ્વારા કરવામાં આવેલ. ઉપસ્થિત અધિકારીઓના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ટૂર્નામેન્ટને ખુલ્લી મુકવામાં આવેલ.



ટૂર્નામેન્ટમાં પુરૂષોના વિભાગમાં કંપનીના આસિસ્ટન્ટ મેનેજર (પીઆર) અને સ્પોર્ટ્સ સેક્રેટરી શ્રી શૈલેશ નાયક સતત ચોથા વર્ષે ચેમ્પિયન થયેલ છે તથા શ્રી જી.એસ. વોરા સિનિયર આસિસ્ટન્ટ, પાલનપુર સ્ટોર વિભાગ, રનર્સ-અપ થયેલ છે. જ્યારે મહિલા વિભાગમાં નાયબ ઇજનેર તરીકે બોપલ લેબોરેટરી ખાતે ફરજ બજાવતા શ્રીમતી આશાબેન ખાલપાડા ચેમ્પિયન થયેલ છે તથા શ્રીમતી દેવિકાબેન શાહ, સિનિયર આસિસ્ટન્ટ, ગાંધીનગર વિભાગીય કચેરી, રનર્સ-અપ થયેલ છે.





કાર્યક્રમના સમાપન સમારંભમાં સાબરમતી સર્કલ કાર્યપાલક ઇજનેર શ્રી એચ.ડી. રાઠોડ ઉપસ્થિત રહેલ. વિજેતા

## ઈન્ટર કંપની ચેસ ટૂર્નામેન્ટમાં યુજીવીસીએલનો પ્રભાવશાળી દેખાવ

તા. ૧૪થી ૧૬ જૂન ૨૦૧૪ દરમિયાન ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન, ગાંધીનગરના યજમાન પદે યોજાયેલ નવમી ઇન્ટર સર્કલ ચેમ ટુર્નામેન્ટમાં મહિલા વિભાગમાં વ્યક્તિગત અને ટીમ ઇવેન્ટ્સમાં યુજીવીસીએલ દ્વારા બે રનર્સ-અપ ટ્રોફી પ્રાપ્ત કરીને પ્રભાવશાળી દેખાવ કરેલ છે. વ્યક્તિગત વિભાગમાં બોપલ વિભાગીય કચેરી ખાતે નાયબ ઇજનેર, શ્રી આશાબેન ખાલપાડા રનર્સ-અપ થયેલ છે. તેમજ ટીમ ઇવેન્ટમાં યુજીવીસીએલની ટીમ રનર્સ-અપ થયેલ છે. શ્રી આશાબેન ખાલપાડા ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડ માટેની ટીમમાં પસંદગી પામેલ છે જ્યારે શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પીઆર) તથા શ્રી ઉર્વશી દાતણીયા જુનિયર આસિસ્ટન્ટ હિંમતનગર વિભાગીય કચેરી ઓલ ઇન્ડિયા ટીમમાં રીઝર્વ ખેલાડી તરીકે પસંદગી પામેલ છે. આમ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા શરૂ થયેલ સ્પોર્ટ્સ કેલેન્ડર અન્વયે યુજીવીસીએલ દ્વારા બે ઇન્ટર કંપની ટ્રોફી પ્રાપ્ત કરીને ટ્રોફી મેળવવાની શરૂઆત કરેલ છે.

## ઈન્ટર કંપનીની ચેસ ટૂર્નામેન્ટ માટે પંસદગી પામેલ યુજીવીસીએલની પુરૂષોની ટીમ

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ | વિજેતા |
|---|---|---|---|---|
| ૧. | શ્રી એસ.એ. નાયક | આસિસ્ટન્ટ મેનેજર (પીઆર) | કોર્પોરેટ ઓફિસ | ચેમ્પિયન |
| ૨. | શ્રી જી.એસ. વોરા | સિનિયર આસિસ્ટન્ટ | આરએસઓ, પાલનપુર | રનર્સ-અપ |
| ૩. | શ્રી એચ.આર. નાયક | ઇલેક્ટ્રીક આસિસ્ટન્ટ | જગુદણ, સબડિવિઝન | ટીમના સભ્ય |
| ૪. | શ્રી એચ.સી. ઠાકર | જુનિયર આસિસ્ટન્ટ | સિદ્ધપુર, સબડિવિઝન | ટીમના સભ્ય |
| ૫. | શ્રી આર.પી. મિસ્ત્રી | જુનિયર એન્જિનીયર | હિંમતનગર ડિવિઝન | ટીમના સભ્ય |
| સ્ટેન્ડ બાય પ્લેયર | | | | |
| ૧. | શ્રી ટી.આર. પાવાગઢી | જુનિયર આસિસ્ટન્ટ | સાણંદ-૨, પે.વિ.ક. | ટીમના સભ્ય |
| ૨. | શ્રી એસ.એલ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | ગાંધીનગર પે.વિ.ક. | ટીમના સભ્ય |

## ઈન્ટર કંપનીની ચેસ ટૂર્નામેન્ટ માટે પંસદગી પામેલ યુજીવીસીએલની મહિલાની ટીમ

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ | વિજેતા |
|---|---|---|---|---|
| ૧. | શ્રીમતી આશાબેન ખાલપાડા | નાયબ ઇજનેર | બોપલ લેબોરેટરી | ચેમ્પિયન |
| ૨. | શ્રીમતી ડી.યુ. શાહ | સિનિયર આસિસ્ટન્ટ | ગાંધીનગર વિ.ક. | રનર્સ-અપ |
| ૩. | કુ. તૃપ્તી મોઢ | જુનિયર આસિસ્ટન્ટ | સિદ્ધપુર ગ્રામ્ય, પે.વિ.ક. | ટીમના સભ્ય |
| ૪. | કુ. ઉર્વશી દાતણીયા | જુનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર ડિવિઝન | ટીમના સભ્ય |
| સ્ટેન્ડ બાય પ્લેયર | | | | |
| ૧. | શ્રીમતી જે.બી. કેલા | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર, પે.વિ.ક. | ટીમના સભ્ય |
| ૨. | ઇન્દુબેન આહુજા | જુનિયર આસિસ્ટન્ટ (વી.એસ.) | પાલનપુર આર.એસ.ઓ. | ટીમના સભ્ય |









ખેલાડીઓને ટ્રોફી, રેપ્લીકા અને ટી-શર્ટ અર્પણ કરવામાં આવેલ. કંપનીની પ્રવર્તમાન રમતગમત પ્રવૃત્તિ અંગે ગૌરવની લાગણી વ્યક્ત કરતા શ્રી રાઠોડે વિજેતા ખેલાડીઓને અભિનંદન આપી આગામી ઇન્ટર કંપની ટૂર્નામેન્ટ પ્રદર્શન અંગે શુભેચ્છા પાઠવેલ. ટુર્નામેન્ટમાં આરબીટર તરીકે શ્રી પંકજભાઈ પંચોલીએ સફળતાપૂર્વક સેવાઓ આપેલ.

સમગ્ર ટૂર્નામેન્ટનું આયોજન સાબરમતી સર્કલના સહાયક સચિવ શ્રી એલ.એન. મહિડાના નેતૃત્વ હેઠળ શ્રી પ્રફુલ ભંડારી, જુનિયર આસિસ્ટન્ટ, શ્રી કિશોરભાઈ શાહ, નાયબ અધિક્ષક (હિસાબ) તથા શ્રી એન.એન. સોની જુનિયર આસિસ્ટન્ટે કરી સાબરમતી સર્કલ દ્વારા સફળ આયોજનની પરંપરા જાળવી રાખેલ છે. ■

# ૧૫મી ઓગષ્ટના રોજ સન્માનિત

## કંપનીના કર્મચારીઓ અને પરિવારજનો





સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

UGVCL

આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com